
# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૧૦ * જૂન, ૨૦૧૩



જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહીં ત્યાં સુધી આત્મા હાથ નહીં આવે. માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર! વિશ્વાસ લાવ! —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ પ્રશમભાવયુક્ત સમ્યગ્દષ્ટિને દૈવયોગથી અનિચ્છાપૂર્વક આરંભાદિ ક્રિયા હોય છે પણ ખરી, તોપણ આભ્યંતરશુદ્ધિની પ્રસિદ્ધિ હોવાથી તે ક્રિયા તેને એ પ્રશમગુણમાં બાધા પહોંચાડવા માટે હેતુ (નિમિત્ત) નથી. ૧૩૫૬.

*(શ્રી રાજમલજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૨૯)*

✻ છ ખંડકા સ્વામી ચક્રવર્તી સમ્રાટ ભી ઈસ પૃથ્વીકો ઔર સર્વ ભોગ્ય પદાર્થોંકો તૃણ કે સમાન નિઃસાર જાનકર છોડ દેતા હૈ ઔર નિર્ગ્રંથ દિગંબર મુનિકી દીક્ષા ધારણ કર લેતા હૈં. ૧૩૫૭. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩૬)*

✻ શાંત અને બરફ સમાન શીતળ તે જ આત્મજ્યોતિ સંસારરૂપી ભયાનક તાપથી નિરંતર સંતાપ પામેલા પ્રાણીને યંત્રધારાગૃહ (ફુવારાઓ સહિતનું ઘર) સમાન આનંદદાયક છે. ૧૩૫૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિપંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૪૭)*

✻ હે પ્રાણી! એ અશુચિ શરીરથી મમત્વ કરી તું અત્યંત દુઃખી થઈ રહ્યો છે, હાય! ઠગાઈ રહ્યો છે, નષ્ટ થઈ રહ્યો છે. પરાધીનતાજન્ય અપાર ભયંકર દુઃખને અનુભવી રહ્યો છે. પણ હવે તો તેને અનંત દુઃખની ખાણ અને મહા અપવિત્ર સમજ તો જ તારું જ્ઞાન સત્યજ્ઞાન કહેવાશે. તથા તે પ્રત્યેનું અનાદિ મમત્વ છોડવું એ જ વાસ્તવિક મહાન સાહસ છે. ૧૩૫૯.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૩)*

✻ જે સમ્યક્જ્ઞાન અગ્નિની માફક કર્મરૂપી વનને બાળે છે, માતાની માફક દુઃખથી રક્ષા કરે છે, ગુરુની માફક સત્ય નીતિને બતાવે છે, સ્વામીની માફક પોષણ કરે છે, તત્ત્વ–અતત્ત્વને પ્રગટ કરવામાં ચતુર છે, તે સ્પષ્ટ, પવિત્ર તથા નિર્મલ સમ્યગ્જ્ઞાનને મનુષ્ય જ્ઞાનદાન દ્વારા પ્રાપ્ત કરે છે. ૧૩૬૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪૯૪)*

✻ મૈં જવાન હૂઁ, બુઢા હૂઁ, રૂપવાન હૂઁ, શૂરવીર હૂઁ, પંડિત હૂઁ, સબમેં શ્રેષ્ઠ હૂઁ, દિગંબર હૂઁ, બૌદ્ધમતકા આચાર્ય હૂઁ ઔર મૈં શ્વેતામ્બર હૂઁ ઈત્યાદિ સબ શરીરકે ભેદોંકો મૂર્ખ અપને માનતા હૈ. યે ભેદ જીવકે નહીં હૈ. ૧૩૬૧.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૧, ગાથા–૮૨)*

વર્ષ–૭
અંક–૧૦

સંવત
૨૦૬૯
JUNE
A.D. 2013




# જયવંત વર્તો–અનેકાંતમયી મૂર્તિ

(શ્રી સમયસાર–૧૫મી વારના પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૩, પૂર્વાર્ધ)

આ, શ્રી સમયસારનો જીવ-અજીવ અધિકાર શરૂ કરતાં અમૃતચંદ્રઆચાર્યદેવે માંગલિક કર્યું છે. તેનું આપણે ગુજરાતી કર્યું છે.

**‘પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;**
**સૌ જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ ભૂપ.’**

અર્થ : આ नमः समयसाराय શ્લોકનો ટૂંકો ભાવ હિંદીમાં કર્યો છે. પ્રગટે નિજ અનુભવ કરે એટલે આત્મા પોતે પોતાના અનુભવ દ્વારા પ્રગટ થાય છે. સમયસાર એક સત્તારૂપ ભાવ છે અને તેનો ગુણ છે ‘ચૈતન્ય’. સૌ જ્ઞાતા–ત્રણ કાળ ત્રણ લોકને જાણનારું–એવું એ તત્ત્વ છે. આ સમયસાર બધાનો રાજા છે. કેવી રીતે? કે જાણવાની અપેક્ષાએ. ત્રણ કાળ ત્રણ લોકના સર્વ પદાર્થોને જાણવાની અપેક્ષાએ આત્મા રાજા છે—એમ કહીને સમયસારનું માંગલિક કર્યું.

હવે, બીજા શ્લોકમાં સરસ્વતીને નમસ્કાર કરીને માંગલિક કરે છે.

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।।२।।

આમાં કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વીતરાગની વાણી એ ત્રણેય કાયમ રહો અને પ્રકાશ કરો એમ લેશે. દ્રવ્યશ્રુત તરીકે સરસ્વતી–જિનવાણી અને ભાવશ્રુત તરીકે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન કાયમ રહો એમ કહીને માંગલિક કરવામાં આવ્યું છે.

શ્લોકાર્થ :—જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ

સદાય પ્રકાશરૂપ હો. કેવી છે તે મૂર્તિ? જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતાં પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા આત્માના તત્ત્વને અર્થાત્ અસાધારણ–સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ–નિજસ્વરૂપને, તે મૂર્તિ અવલોકન કરે છે, દેખે છે.

જુઓ! આમાં જ્ઞાનના બે અર્થ લીધાં છે (૧) શ્રુતજ્ઞાન અને (૨) કેવળજ્ઞાન. આ જ્ઞાન એટલે સર્વજ્ઞનું જ્ઞાન અનંત ધર્મવાળું છે, શ્રુતજ્ઞાન પણ અનંત ધર્મવાળું છે અને વીતરાગવાણી પણ અનંત ધર્મવાળી છે. આ જ્ઞાનમય મૂર્તિ સદાય પ્રકાશરૂપ રહો એટલે કે પોતાનો સાધકભાવ અને તેના ફળમાં જે સિદ્ધપદ થાય તે કાયમ રહો અને વીતરાગની વાણી પણ કાયમ રહો.

કેવી છે તે જ્ઞાન અને વાણીની મૂર્તિ?—કે અનંત ધર્મોવાળા આત્માને બતાવનારી છે. આત્મા કેવો છે?—કે પરદ્રવ્યથી જુદો છે, પરદ્રવ્યના ગુણ-પર્યાયોથી પણ ભિન્ન છે તથા પરદ્રવ્યના નિમિત્તથી થતાં પોતાના વિકારોથી પણ કથંચિત્ ભિન્ન છે. વિકાર પોતાનો સ્વભાવ નથી તેથી દ્રવ્ય અપેક્ષાએ ભિન્ન છે પણ પોતાની પર્યાયમાં થતો હોવાથી કથંચિત્ અભિન્ન છે. પરદ્રવ્ય અને પરના ગુણ-પર્યાયથી આત્મા સર્વથા ભિન્ન છે પણ વિકારથી સર્વથા ભિન્ન નથી, કથંચિત્ ભિન્ન છે. એક સમયની પર્યાયમાં વિકાર તદાકાર છે.

સ્વભાવની અપેક્ષાએ વિકાર ભિન્ન છે પણ અનિત્ય પર્યાયમાં વિકાર છે. આવા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એકાકાર એકપિંડરૂપ એવા આત્માના તત્ત્વને સરસ્વતીની મૂર્તિ દેખે છે. પરથી ભિન્ન દેખે છે એટલે પરના દ્રવ્ય-ગુણ-પર્યાયથી તો સર્વથા ભિન્ન દેખે છે પણ પોતાના વિકારથી કથંચિત્ ભિન્ન દેખે છે. જો સર્વથા ભિન્ન દેખે તો પર્યાયમાં વિકાર ન હોય અને જો સર્વથા અભિન્ન હોય તો દ્રવ્ય સાથે પણ અભિન્ન થઈ જાય.

જુઓ! આ સ્વતંત્ર દ્રવ્ય આવું છે એમ સિદ્ધ કરે છે. આત્મતત્ત્વ અસાધારણ છે એટલે કે સજાતીય કહેતાં પોતાની જેવા સર્વ આત્માઓ અને વિજાતીય કહેતાં ભિન્ન જાતિના દ્રવ્યો તે બધાથી આ આત્માનું લક્ષણ જુદું જ છે એટલે કે વિલક્ષણ છે—એવા નિજસ્વરૂપને તે મૂર્તિ એટલે કે જ્ઞાન અને વાણી અવલોકન કરે છે–દેખે છે. જ્ઞાન ભલે શ્રુતજ્ઞાનની પર્યાયરૂપ હો કે કેવળજ્ઞાનરૂપ હો પણ તે અનંત ધર્મવાળું છે અને વાણી પણ અનંત ધર્મને બતાવવાવાળી છે. આ અનેકાંતમયી મૂર્તિ અનંત ધર્મવાળા આત્મતત્ત્વને દેખાડે છે–પ્રકાશે છે! એમ કહી સિદ્ધ કરવું છે. આત્મા અનંત ધર્મમાં વ્યાપક છે. ચૈતન્યતત્ત્વ એવું છે કે જે અનંત ધર્મમાં વ્યાપે છે એવા અનંત ધર્મવાળા નિજસ્વરૂપને સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ બતાવે છે અને વાણી પણ તેને જ બતાવે છે. સમજાય છે આમાં?

શ્રોતા :—થોડું—થોડું સમજાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે! બુદ્ધિવાળા માણસને થોડું સમજાય છે! બે-બે વાર સ્પષ્ટ કરીને તો કહેવાય છે. આત્મા અનંત ધર્મવાળો છે તેનું મૂળ તત્ત્વ 'ચૈતન્ય' છે તે અનંત ધર્મમાં વ્યાપે છે. આવા આત્મતત્ત્વને સાધક એવું સમ્યગ્જ્ઞાન બતાવે છે, સાધ્ય જે કેવળજ્ઞાન તે પણ આવા આત્માને પ્રત્યક્ષ બતાવે છે અને વાણી પણ આ આત્મતત્ત્વને જ દેખાડે છે.

વળી, આત્મતત્ત્વ કેવું છે? અસાધારણ છે એટલે સજાતીય અને વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ છે. સજાતીય એટલે બીજા આત્માનું જ્ઞાન લક્ષણ એનું એની પાસે છે અને આ આત્માનું લક્ષણ આત્મામાં જ છે માટે બીજા આત્મા કરતાં આ આત્માનું લક્ષણ વિલક્ષણ છે. આ આત્માનું લક્ષણ આત્મામાં જ છે, બીજામાં નથી માટે તે વિલક્ષણ છે. અસાધારણનો બીજો અર્થ એમ પણ કરશે કે આત્માના અનંત ગુણોમાં જ્ઞાન ગુણ અસાધારણ છે. જ્ઞાન બીજા જડ દ્રવ્યોમાં નથી માટે અસાધારણ છે અને પોતાના અનંત ગુણમાં પણ જ્ઞાન જેવો કોઈ ગુણ નથી માટે પણ તે અસાધારણ છે. તે લક્ષણ પોતાના અનંત ધર્મોમાં વ્યાપેલું છે. પરદ્રવ્યથી અને તેના ગુણ-પર્યાયોથી આત્મતત્ત્વ ભિન્ન છે અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં વિકારથી કથંચિત્ ભિન્ન છે કેમ કે પર્યાયમાં વિકાર અનિત્ય તાદાત્મ્ય છે પણ દ્રવ્યના સ્વભાવથી વિકાર ભિન્ન છે. આવા આત્મતત્ત્વને શ્રુતજ્ઞાન બતાવે છે. માટે તે પણ અનેકાંતમયી મૂર્તિ છે. કેવળજ્ઞાન પણ આવા અનેકાંતમય આત્મતત્ત્વને બતાવે છે. માટે તે પણ અનેકાંતમયી મૂર્તિ છે અને વાણી પણ તેને બતાવે છે માટે તે પણ અનેકાંતમય છે.

'આત્મતત્ત્વ' અનંત નિજધર્મોમાં વ્યાપક છે, પરદ્રવ્ય અને તેના ગુણ-પર્યાયથી ભિન્ન છે પણ પરના નિમિત્તે થતાં વિકારથી પર્યાયમાં અભિન્ન છે. વિકારી અવસ્થા પરદ્રવ્યથી ભિન્ન છે અને પોતામાં અનિત્ય તાદાત્મ્ય છે એમ શ્રુતજ્ઞાન દેખે છે, કેવળજ્ઞાન પણ દેખે છે અને વાણી દેખાડે છે.

હવે, ભાવાર્થમાં આ જ વાતનો વિસ્તાર કરે છે. આત્મતત્ત્વને દેખનારું શ્રુતજ્ઞાન, આત્મતત્ત્વને દેખનારું કેવળજ્ઞાન અને દેખાડનારી વાણી કાયમ રહો એમ કહીને તેની અસ્તિ કાયમ ટકે એવી ભાવનાનું માંગલિક કરવામાં આવ્યું છે. આવા જ્ઞાનની હયાતી જગતમાં સદાય રહો—એ જ માંગલિક છે. સાધકભાવ જગતમાં સદાય રહો...સાધકમાંથી સિદ્ધ થાઓ પણ બાધક ન થાઓ અને તે બતાવનારી વાણી પણ સદાય આત્મતત્ત્વને બતાવતી રહો!

આ તો શાસ્ત્ર છે ભાઈ! બહુ ગૂઢ છે. સંતોની વાણી છે! અવળી વાણી નથી, આ તો

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

# વૈરાગ્ય-ભાવના

## (શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)

હવે, આ સ્વામી કાર્તિકેય મુનિરાજે રચેલ દ્વાદશાનુપ્રેક્ષાનું વાંચન શરૂ થાય છે. શ્રી કાર્તિકેય સ્વામી જંગલમાં વિચરતા મહાન દિગંબર સંત હતા. તેમણે આમાં વૈરાગ્યની બાર ભાવનાનું અલૌકિક વર્ણન કર્યું છે. આ ગ્રંથ બે હજાર વર્ષ કરતાં પણ જૂનો છે. જેટલા તીર્થંકર ભગવંતો થાય તે બધાય તીર્થંકર ભગવંતોને વૈરાગ્ય થતાં દીક્ષા વખતે આ બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કરે છે એવો નિયમ છે. જેટલા તીર્થંકરો પૂર્વે થયા તેઓએ આવી ભાવનાઓ ભાવી હતી. વર્તમાનમાં સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો બિરાજે છે, તેઓએ પણ દીક્ષા પ્રસંગ પહેલાં આ વૈરાગ્ય ભાવનાઓ ભાવી હતી ને ભવિષ્યમાં શ્રેણિક રાજા વગેરે તીર્થંકરો થશે તેઓ પણ આવી ભાવનાઓ ભાવીને દીક્ષા લેશે. આ બાર ભાવનાઓ ખરેખર સમ્યગ્દષ્ટિ જીવની છે. સમ્યગ્દર્શનપૂર્વકની બાર ભાવનાઓનું આમાં અદ્‌ભુત વર્ણન છે. વૈરાગ્યનો અલૌકિક ગ્રંથ છે. અહો! અમે તો કાયમી ચિદ્‌ઘન છીએ, બહારનું શરીર અમારું નથી. આમ ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક અનિત્ય વગેરે બાર ભાવનાઓ હોય છે. શ્રીમદ્‌ રાજચંદ્રજીને આ શાસ્ત્ર ઘણું પ્રિય હતું.

જુઓ, બધાય તીર્થંકર ભગવંતો આ બાર ભાવનાઓ ભાવે છે. બાર અનુપ્રેક્ષા એટલે બાર ભાવનાનું વૈરાગ્ય-ચિંતવન. તેનું આમાં વર્ણન છે, તેથી તેનું નામ ‘‘દ્વાદશઅનુપ્રેક્ષા’’ છે. પ્રથમ હિન્દી અર્થકાર મંગલાચરણ કરે છે :—

### મંગલાચરણ

**પ્રથમ ઋષભ જિન ધર્મકર સન્મતિ ચરમ જિનેશ,**
**વિઘનહરણ મંગલ કરણ ભવતમ દુરિત દિનેશ.**

જૈનધર્મ તો અનાદિનો છે. તીર્થંકરો અનાદિથી થતા આવે છે. અનાદિથી સુખના અર્થી આત્માઓ હતા. તેનો માર્ગ કહેનાર તીર્થંકરો અનાદિથી થતા આવે છે. જગતમાં મોક્ષમાર્ગ અને મોક્ષ અનાદિનો છે, આ વર્તમાન ચોવીસીમાં શ્રી ઋષભદેવ ભગવાન પહેલાં તીર્થંકર થયા અને છેલ્લા શ્રી સન્મતિનાથ એટલે કે મહાવીર પરમાત્મા થયા. જગતમાં પંચપરમેષ્ઠી અને જૈનધર્મ અનાદિથી છે પણ જે જીવ સમજે તેને પોતાના આત્મામાં ધર્મની નવી શરૂઆત થાય છે.

તીર્થંકર ભગવંતોએ કહેલાં ભાવને જે પોતાના આત્મામાં યાદ કરે છે તેને વિઘ્ન થતું નથી, તેથી ભગવાન ‘‘વિઘ્ન હરનારા’’ છે અને ‘‘મંગળ કરનારા’’ છે. મંગળ એટલે પવિત્રતાને

પમાડે અને મમકારને ગાળી નાખે એવો આત્માનો પવિત્ર ભાવ તે મંગળ છે ને તેમાં નિમિત્ત તરીકે તીર્થંકર ભગવંતો પણ મંગળ છે. વળી ભવરૂપી જે અંધકાર તેનો નાશ કરવામાં તે સૂર્ય સમાન છે. પણ કોને માટે? કે જે પોતામાં (આત્મામાં)સમજીને અજ્ઞાન ટાળે તેને માટે ભગવાન સૂર્ય સમાન છે. આ રીતે પહેલાં માંગલિક તરીકે તીર્થંકરદેવની સ્તુતિ કરી છે. હવે જિનવાણીની સ્તુતિ કરે છે.

**વાણી જિનમુખથી ખરી પડી ગણધરાધિપ કાન,**
**અક્ષર પદમય વિસ્તરી કરહિ સકલ કલ્યાણ.**

શ્રી જિનમુખથી જે વાણી છૂટી તે ગણધરદેવે ઝીલી અને શાસ્ત્રની રચના કરી. તે વાણીનો ભાવ સમજે તો (તે વાણી) સકલ કલ્યાણનું કારણ છે, તેથી વાણીને કલ્યાણકારી કહી છે.

હવે, શ્રીગુરુને વંદન કરે છે.

**ગુરુ ગણધર ગુણધર સકલ પ્રચુર પરંપર ઔર,**
**વ્રતતપધર તન નગનધર વંદો વૃષ શિરમોર.**

શ્રી ગણધરદેવથી માંડીને મૂળ પરંપરામાં જે વીતરાગી સંતો થયા તે બધા દિગંબર શરીરવાળા હતા ને વ્રત-તપને ધારણ કરનારા હતા. એવા સંતો ધર્મના મુગટમણિ છે. તેવા શ્રી ગુરુઓને વંદન કરું છું.

**સ્વામી કાર્તિકેય મુનિ બારહ ભાવના ભાય,**
**કર્યો કથન વિસ્તારથી પ્રાકૃત છંદ બનાય;**

**સંસ્કૃત ટીકા તેહની કરી સુધર શુભચંદ્ર,**
**સુગમ દેશભાષામયી કરું નામ જયચંદ્ર;**

**ભણો ભણાવો ભવ્યજન યથાજ્ઞાન મનધાર,**
**કરો નિર્જરા કર્મની વાર વાર સુવિચાર.**

આમ, આ શાસ્ત્ર સ્વામી કાર્તિકેય મુનિએ બનાવ્યું છે. ૪૮૯મી ગાથામાં પોતે કહે છે કે—

जिणवयणभावणट्ठं सामिकुमारेण परमसद्धाए।
रइया अणुवेक्खाओ चंचलमणरूंभणट्ठं च।।४८९।।

પોતાના ચિત્તની સ્થિરતા માટે આ વીતરાગી ભાવના પોતે ભાવી છે. પોતે કુમાર બ્રહ્મચારી છે તેથી તેઓ ૪૮૯મી ગાથામાં પંચ બાલ બ્રહ્મચારી તીર્થંકરોને વંદન કરશે.

મૂળ રચના કાર્તિકેયમુનિએ કરી છે. તેની સંસ્કૃત ટીકા શુભચંદ્રાચાર્યે કરી છે ને હિન્દી ભાષાંતર જયચંદ્રજી પંડિતે કર્યું છે. યથાર્થ ભાનપૂર્વક તેમાં કહેલી બાર ભાવનાઓનો વિચાર કરવો તે નિર્જરાનું કારણ છે.

એ પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુને નમસ્કારરૂપ મંગલાચરણપૂર્વક પ્રતિજ્ઞા કરી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા નામના ગ્રંથની દેશભાષામય વચનિકા કરીએ છીએ. ત્યાં સંસ્કૃત ટીકા અનુસાર મારી બુદ્ધિ પ્રમાણે ગાથાનો સંક્ષેપમાં અર્થ લખીશ તેમાં કોઈ ઠેકાણે ભૂલ હોય તો વિશેષ બુદ્ધિમાન સુધારી લેશો.

શ્રીમાન્ સ્વામી કાર્તિકેયાચાર્ય, પોતાના જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થવી, નવીન શ્રોતાજનોને જ્ઞાન-વૈરાગ્ય ઉપજવો તથા વિશુદ્ધતા થવાથી પાપકર્મની નિર્જરા, પુણ્ય ઉપાર્જન, શિષ્ટાચારનું પાલન અને નિર્વિઘ્નપણે ગ્રંથની સમાપ્તિ ઈત્યાદિ અનેક ભલા ફળની ઈચ્છાપૂર્વક પોતાના ઈષ્ટદેવને નમસ્કારરૂપ—મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરી પ્રથમ ગાથાસૂત્ર કહે છે.

પોતાને જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થાય; યથાર્થ જ્ઞાન હોય ત્યારે વૈરાગ્ય હોય જ. પોતાના જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ અર્થે તેમ જ નવીન જનોને વૈરાગ્ય ઉપજાવવા અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. વળી આ શાસ્ત્રમાં કહેલી ભાવના વડે વિશુદ્ધતા થાય તે નિર્જરાનું કારણ છે ને વચ્ચે શુભરાગ રહી જાય તે પુણ્યનું કારણ છે. વળી શાસ્ત્રમાં મંગલાચરણ કરવાનો શિષ્ટાચાર છે, તેથી અહીં કહે છે.

૧૪૦૦૦ મુનિઓના મુગટ એવા શ્રી ગૌતમ ગણધરદેવ પણ માંગલિક તરીકે નમસ્કારમંત્ર બોલે ત્યારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે કે :—

**णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं।**
**णमो उवज्झायाणं णमो लोए सव्वसाहूणं।।**

આવો શિષ્ટાચાર છે. તે શિષ્ટાચારના પાલન અર્થે આ શાસ્ત્રમાં માંગલિક કરે છે. તેમ જ નિર્વિઘ્નપણે શાસ્ત્રની સમાપ્તિ થાય તે અર્થે માંગલિક કરે છે.

**त्रिभुवनतिलकं देवं वंदित्वा त्रिभुवनेन्द्रपरिपूज्यम्।**
**वक्ष्ये अनुप्रेक्षाः भविकजनानन्दजननी।।१।।**

**અર્થ :—**ત્રણ ભુવનના તિલક અને ત્રણ ભુવનના ઈન્દ્રોથી પૂજ્ય એવા દેવને નમસ્કાર કરી હું ભવ્યજીવોને આનંદ ઉપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ.

શ્રી સર્વજ્ઞ પરમાત્મા પણ ત્રણ ભુવનના તિલક છે ને ત્રણ ભુવનના ઈન્દ્રોથી પણ પૂજ્ય છે. આવા સર્વજ્ઞદેવને નમસ્કાર કરીને હું બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન કરું છે. કેવી છે આ ભાવનાઓ? ભવ્ય જીવોને આનંદ ઉપજાવનારી છે. અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક ચિદાનંદ સ્વભાવના અવલંબને આવી બાર ભાવનાઓ ભાવવી તે વીતરાગી આનંદની ઉપજાવનારી છે. વચ્ચે શુભરાગથી પુણ્ય બંધાય તેની મુખ્યતા નથી. બાર ભાવનાઓને આનંદની ઉપજાવનારી કહીને માંગલિક કર્યું છે. *(ક્રમશઃ)*

# સાધકની વિચારશ્રેણી અને સ્વભાવનો રંગ

(પરમાર્થ-વચનિકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## મોક્ષના સાધકના નિશ્ચય–વ્યવહાર, તેમાં શુદ્ધ સ્વરૂપની સન્મુખતા

**‘‘જ્યારે જ્ઞાતા કદાચિત્ બંધપદ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે કે આ બંધપદ્ધતિથી મારું દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે; હવે એ પદ્ધતિનો મોહ તોડીને વર્ત! આ પદ્ધતિનો રાગ પૂર્વની જેમ હે નર! તું શા માટે કરે છે?–આમ ક્ષણમાત્ર પણ બંધપદ્ધતિને વિષે તે મગ્ન થાય નહિ ને જ્ઞાતા પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધાભક્તિ, તપક્રિયા એ પોતાના શુદ્ધ સ્વરૂપની સન્મુખ થઈને કરે,—એ જ્ઞાતાનો આચાર છે. એનું જ નામ મિશ્રવ્યવહાર છે.’’**

જુઓ, આ સાધક જીવનો વ્યવહાર ને એની વિચારશ્રેણી! એને સ્વભાવનો કેટલો રંગ છે! વારંવાર એનો જ વિચાર, એનું જ મનન, એના જ ધ્યાન–અનુભવનો અભ્યાસ, એના જ ગુણગાન ને એનું જ શ્રવણ, સર્વ પ્રકારે એની જ ભક્તિ; જે કાંઈ ક્રિયામાં પ્રવર્તે છે તેમાં સર્વત્ર શુદ્ધ સ્વરૂપની સન્મુખતા મુખ્ય છે. એના વિચારમાં પણ સ્વરૂપના વિચારની મુખ્યતા છે, તેથી કહ્યું કે ‘‘જ્ઞાતા ‘કદાચિત્’ બંધપદ્ધત્તિનો વિચાર કરે’’...ત્યારે પણ બંધપદ્ધત્તિમાં તે મગ્ન થતો નથી પણ તેનાથી છૂટવાના જ વિચાર કરે છે. અજ્ઞાની તો બધુંય રાગની સન્મુખતાથી કરે છે, શુદ્ધ સ્વરૂપની સન્મુખતા તેને નથી. તે કર્મબંધન વગેરેના વિચાર કરે તો તેમાં જ મગ્ન થઈ જાય છે ને અધ્યાત્મ તો એકકોર રહી જાય છે. અરે ભાઈ, એવી બંધપદ્ધત્તિમાં તો અનાદિથી તું વર્તી જ રહ્યો છે...હવે તો એનો મોહ છોડ. અનાદિથી એ પદ્ધત્તિમાં તારું જરાય હિત ન થયું, માટે એનો મોહ તોડીને હવે તો અધ્યાત્મપદ્ધત્તિ પ્રગટ કર! જ્ઞાનીએ તો તેનો મોહ તોડ્યો જ છે ને અધ્યાત્મપદ્ધત્તિ પ્રગટ કરી છે પણ હજી રાગની કંઈક પરંપરા બાકી છે તેને અધ્યાત્મની ઉગ્રતા વડે છેદવા માંગે છે એટલે રાગની પદ્ધત્તિમાં તે એકક્ષણ પણ મગ્ન થતો નથી.—જુઓ, આ મોક્ષના સાધકની દશા! ‘તું રુચતાં જગતની રુચિ આળસે સૌ’...શુદ્ધ આત્મારૂપ સમયસારની જ્યાં રુચિ થઈ ત્યાં પરભાવની રુચિ રહે નહિ; અરે, જગત આખાની રુચિ છૂટી જાય. જેને

અંશમાત્ર પણ રાગની રુચિ રહે તેના પરિણામ ચૈતન્ય તરફ વળી શકે નહિ ને મોક્ષમાર્ગને તે સાધી શકે નહિ.

રાગની રુચિ છોડીને ધર્મી જીવ ચૈતન્યના પ્રેમમાં એવો મગ્ન છે કે વારંવાર તેનું જ સ્વરૂપ વિચારે છે, ઉપયોગને ફરીફરી આત્મા તરફ વાળે છે, ક્યારેક ક્યારેક નિર્વિકલ્પ અનુભવ કરે છે, એકાગ્રતાથી એને ધ્યાવે છે. 'ચેતનરૂપ અનૂપ અમૂરત...સિદ્ધ સમાન સદા પદ મેરો'—એમ સિદ્ધ જેવા નિજસ્વરૂપનો અનુભવ કરે છે; એની વાત સાંભળતાં પણ તે ઉત્સાહિત થાય છે, એના ગુણગાન ને મહિમા કરતાં તે ઉલ્લસિત થાય છે. અહા! મારી ચૈતન્યવસ્તુ અચિંત્ય મહિમાવંત, એની પાસે રાગાદિ પરભાવો તો અવસ્તુ છે,–એ અવસ્તુની રુચિ કોણ કરે? એનો મહિમા, એના ગુણગાન કોણ કરે? સમ્યગ્દૃષ્ટિ તો પોતાના શુદ્ધ સ્વરૂપની નવધા ભક્તિ કરે છે અથવા મુનિરાજની નવધા ભક્તિ કરે તેમાં પણ શુદ્ધ સ્વરૂપની સન્મુખતા છે. આ વચનિકા લખનાર પં. બનારસીદાસજીએ સમયસાર–નાટકમાં, જ્ઞાની કેવી નવધા ભક્તિ કરે છે તેનું સુન્દર વર્ણન કર્યું છે :—

## ૨ આધ્યાત્મિક નવધા ભક્તિ ૨

श्रवण किरतन चिंतवन सेवन वंदन ध्यात।
लघुता समता एकता नौधा भक्ति प्रधान ।।८।। (मोक्षद्वार)

**૧. શ્રવણ :** ઉપાદેયરૂપ પોતાના શુદ્ધ સ્વરૂપના ગુણોનું પ્રેમપૂર્વક શ્રવણ કરવું તે એક પ્રકારની ભક્તિ છે. જેના પ્રત્યે જેને ભક્તિ હોય તેને તેના ગુણગાન સાંભળતાં પ્રમોદ આવે છે; ધર્મીને નિજ સ્વરૂપના ગુણગાન સાંભળતાં પ્રમોદ આવે છે.

**૨. કીર્તન :** ચૈતન્યના ગુણોનું, તેની શક્તિઓનું વ્યાખ્યાન કરવું, મહિમા કરવો તે તેની ભક્તિ છે.

**૩. ચિંતન :** જેના પ્રત્યે ભક્તિ હોય તેના ગુણોનો વારંવાર વિચાર કરે છે; ધર્મી જીવ નિજ સ્વરૂપના ગુણોનું વારંવાર ચિંતન કરે છે. એ પણ સ્વરૂપની ભક્તિનો પ્રકાર છે.

**૪. સેવન :** અંદરમાં નિજ ગુણોનું વારંવાર અધ્યયન કરવું.

**૫. વંદન :** મહાપુરુષોના ચરણોમાં જેમ ભક્તિથી વંદન કરે છે તેમ ચૈતન્યસ્વરૂપમાં પરમ ભક્તિપૂર્વક વંદવું–નમવું–તેમાં લીન થઈને પરિણમવું, તે સમ્યગ્દૃષ્ટિની આત્મભક્તિ છે.

**૬. ધ્યાન :** જેના પ્રત્યે પરમ ભક્તિ હોય તેનું વારંવાર ધ્યાન થયા કરે છે; તેના ગુણોનો વિચાર, ઉપકારોનો વિચાર વારંવાર આવે છે, તેમ ધર્મી જીવ અત્યંત પ્રીતિપૂર્વક વારંવાર નિજ સ્વરૂપના ધ્યાનમાં પ્રવર્તે છે. કોઈ કહે કે અમને નિજ સ્વરૂપ પ્રત્યે પ્રીતિ ને ભક્તિ તો ઘણીયે છે પણ એના વિચારમાં કે ધ્યાનમાં મન જરાય લાગતું નથી; —તો તેની વાત જૂઠી છે. તેની ખરેખરી પ્રીતિ હોય તેના વિચારમાં–ચિંતનમાં મન ન લાગે એમ બને નહિ. બીજા વિચારોમાં તો તારું મન લાગે છે ને અહીં સ્વરૂપના વિચારમાં તારું મન લાગતું નથી,—એ ઉપરથી તારા પરિણામનું માપ થાય છે કે સ્વરૂપના પ્રેમ કરતાં બીજા પદાર્થોનો પ્રેમ તને વધારે છે. જેમ ઘરમાં માણસને ખાવા–પીવામાં, બોલવા–ચાલવામાં ક્યાંય મન ન લાગે તો લોકો અનુમાન કરી લે છે કે એનું મન ક્યાંક બીજે લાગેલું છે; તેમ ચૈતન્યમાં જેનું મન લાગે, એનો ખરો પ્રેમ જાગે તેનું મન જગતના બધા વિષયોથી ઉદાસ થઈ જાય...ને વારંવાર નિજ સ્વરૂપ તરફ તેનો ઉપયોગ વળે. આ પ્રકારે સ્વરૂપના ધ્યાનરૂપ ભક્તિ સમ્યગ્દષ્ટિને હોય છે તથા એવા શુદ્ધ સ્વરૂપને સાધનારા પંચપરમેષ્ઠી વગેરેના ગુણોને પણ તે ભક્તિથી ધ્યાવે છે.

**૭. લઘુતા :** પંચપરમેષ્ઠી વગેરે મહાપુરુષો પાસે ધર્મી જીવને પોતાની અત્યંત લઘુતા ભાસે છે. અહા, ક્યાં એમની દશા! ને ક્યાં મારી અલ્પતા! અથવા, સમ્યગ્દર્શનાદિ કે અવધિજ્ઞાનાદિ થયું પણ ચૈતન્યના કેવળજ્ઞાનાદિ અપાર ગુણો પાસે તો હજી ઘણી અલ્પતા છે—એમ ધર્મીને પોતાની પર્યાયમાં લઘુતા ભાસે છે. પૂર્ણતાનું ભાન છે એટલે અલ્પતામાં લઘુતા ભાસ છે. જેને પૂર્ણતાનું ભાન નથી તેને તો થોડાકમાં પણ ઘણું મનાઈ જાય છે.

**૮. સમતા :** બધાય જીવોને શુદ્ધ સ્વભાવપણે સરખા દેખવા તેનું નામ સમતા છે; પરિણામને ચૈતન્યમાં એકાગ્ર કરતાં સમભાવ પ્રગટે છે. જેમ મહાપુરુષોની સમીપમાં ક્રોધાદિ વિસમભાવ થતાં નથી—એવી તે પ્રકારની ભક્તિ છે, તેમ ચૈતન્યના સાધક જીવને ક્રોધાદિ ઉપશાંત થઈને અપૂર્વ સમતા પ્રગટી છે.

**૯. એકતા :** એક આત્માને જ પોતાનો માનવો, શરીરાદિને પર જાણવા; રાગાદિ ભાવોને પણ સ્વરૂપથી પર જાણવા ને અંતર્મુખ થઈને સ્વરૂપ સાથે એકતા કરવી,–આવી એકતા તે અભેદ ભક્તિ છે ને તે મુક્તિનું કારણ છે. સ્વમાં એકતારૂપ આવી ભક્તિ સમ્યગ્દષ્ટિને જ હોય છે.

વાહ! જુઓ આ સમ્યગ્દષ્ટિની નવધા ભક્તિ. શુદ્ધ આત્મસ્વરૂપનું શ્રવણ, કીર્તન,

ચિંતવન, સેવન, વંદન, ધ્યાન, લઘુતા, સમતા અને એકતા—આવી નવધા ભક્તિ વડે તે મોક્ષમાર્ગને સાધે છે.


શ્રોતા : જ્ઞાની નવધા ભક્તિ કરે એ તો બતાવ્યું; પણ જ્ઞાની તપ કરે ખરા?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, જ્ઞાની તપ કરે,–પણ કઈ રીતે?–કે પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ થઈને તે તપ વગેરે ક્રિયા કરે છે–આ જ્ઞાનીનો આચાર છે. જ્ઞાનીના આવા અંતરંગ–આચારને અજ્ઞાની ઓળખતો નથી, તે તો એકલી દેહક્રિયાને જ દેખે છે. શુદ્ધ સ્વરૂપની સન્મુખતાથી જેટલી શુદ્ધ પરિણતિ થઈ તેટલો તપ છે–એમ ધર્મી જાણે છે. આવો તપ અજ્ઞાનીને હોતો નથી, તેમજ તેને તે ઓળખતો પણ નથી. તપ વગેરેનો શુભરાગ તે બાહ્ય નિમિત્ત છે અને દેહની ક્રિયા તો આત્માથી તદ્દન જુદી ચીજ છે,–તેને બદલે અજ્ઞાની તો એને જ મૂળ વસ્તુ માની બેસે છે ને સાચી મૂળ વસ્તુને ભૂલી જાય છે. શુભરાગ અને સાથે ભૂમિકાયોગ્ય શુદ્ધ પરિણતિ તે જ્ઞાનીનો આચાર છે, તેનું નામ મિશ્રવ્યવહાર છે. મિશ્ર એટલે કંઈક અશુદ્ધતા ને કંઈક શુદ્ધતા; તેમાં જે અશુદ્ધ અંશ છે તે ધર્મીને આસ્રવ–બંધનું કારણ છે ને જે શુદ્ધ અંશ છે તે સંવર–નિર્જરાનું કારણ છે.–આ રીતે આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા એ ચારે ભાવો ધર્મીને એક સાથે વર્તે છે. અજ્ઞાનીને મિશ્રભાવ નથી, એને તો એકલી અશુદ્ધતા છે; સર્વજ્ઞને મિશ્રભાવ નથી, એમને એકલી શુદ્ધતા છે. મિશ્રભાવ સાધકદશામાં છે. તેમાં શુદ્ધ પરિણતિ અનુસાર તે મોક્ષમાર્ગે સાધે છે–એમ જાણવું.

અહા, ધર્માત્માની આ અધ્યાત્મકળા! અલૌકિક છે! આવી અધ્યાત્મકળા શીખવા જેવી છે–ને એનો પ્રચાર કરવા જેવું છે. ખરૂં સુખ આ અધ્યાત્મકળાથી જ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મવિદ્યા સિવાય બીજી લૌકિક વિદ્યાઓની કિંમત ધર્મમાં કાંઈ નથી. सा विद्या या विमुक्तये—આત્માને મોક્ષનું કારણ ન થાય એવી વિદ્યાને તે વિદ્યા કોણ કહે?–વિદ્યાહીન હોય તે કહે!

જેણે અધ્યાત્મવિદ્યા જાણી છે એવા જ્ઞાનીને મિશ્રવ્યવહાર કહ્યો એટલે શુદ્ધતા ને અશુદ્ધતા બંને એકસાથે તેને છે પણ તેથી કાંઈ તે શુદ્ધતા ને અશુદ્ધતા એકબીજામાં ભળી જતા નથી. જે શુદ્ધતા છે તે કાંઈ અશુદ્ધતારૂપ થઈ જતી નથી ને જે અશુદ્ધતા (રાગાદિ) છે તે કાંઈ શુદ્ધતારૂપ થઈ જતી નથી. એકસાથે હોવા છતાં બંનેની જુદી જુદી ધારા છે. આ રીતે ‘મિશ્ર’ એ બંનેનું જુદાપણું બતાવે છે, એકપણું નહિ. તેમાંથી જે શુદ્ધતા છે તેના વડે ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે ને જે અશુદ્ધતા છે તેને તે હેય સમજે છે. હેય, જ્ઞેય ને ઉપાદેયનું સ્વરૂપ જ્ઞાની કયા પ્રકારે જાણે છે તે હવે કહે છે. *(ક્રમશઃ)*

*



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૨

**અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય?' 'હું આત્માને કઈ રીતે જાણું?'—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.**

**'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'**

શું કહ્યું? અંતરના ઊંડાણથી—ઉપરટપકે કે એકદમ કલ્પના કરીને એમ નહિ—ધ્રુવ તરફ ઢળવા માટે, ઊંડાણમાંથી પોતાનું હિત સાધવા માટે,—બહારના કોઈ પ્રકારથી 'હિત સાધવું' થઈ શકતું નથી—જે આત્મા અંદરથી જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી,—કોકને દેખાડવા-બતાવવા માટે નહિ—તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.

પરનું—દુનિયાનું—હિત કોઈ કાંઈ કરી શકતું નથી. અંદર ભગવાન આત્માને સાધવાની—આત્મહિત પ્રાપ્ત કરવાની—ખરેખરી લગની જેને લાગી છે તેને, આત્માની તે સાચી લગની જ તેનો માર્ગ કરી દેશે. બીજા કોઈ વિકલ્પો કે કોઈ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તો સાધન થાય, દેવ-ગુરુની કૃપા થઈ જાય તો મળી જાય—એમ વસ્તુસ્વરૂપમાં છે નહિ. તારી અંદરની સાચી લગની જ તને તારો માર્ગ કરી દેશે.

**'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'**

અંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ જ્ઞાયક છે ને? એના તરફ જેને વિશ્વાસમાંથી લગની લાગી છે તેને અંદરમાં માર્ગ મળ્યા વિના રહેશે નહિ.

**'આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.'**

વ્યવહારના વિકલ્પો નહિ, નિમિત્તો નહિ, તેનું બહુમાન ને મહિમા નહિ, પણ આત્માની જ લગની લાગવી જોઈએ; જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક શુદ્ધ, એની પાછળ લાગવું જોઈએ. એની સમીપમાં જવું જોઈએ. અહા! ભાષા બહુ ટૂંકી. આત્મા એકલો જ્ઞાયક ધ્રુવ પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે, એની પાછળ—એની સમીપમાં, એની સન્મુખ—લાગવું જોઈએ. રળવાની કેવી લગની લાગે છે? સ્વપ્નાં પણ એનાં આવે! એનો છેડો છોડવો ન જોઈએ. અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ અસ્તિપણે છે, મોજૂદ ચીજ છે, એની પાછળ એટલે કે સમીપ જવું જોઈએ; બહારથી હઠવું જોઈએ.

**'આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ.'**

ભગવાન આત્માને ધ્યેયરૂપ રાખીને, ધ્રુવધામને ધ્યેય બનાવીને, દિવસ ને રાત નિરંતર પુરુષાર્થ કરવો જોઈએ. આકરી છે વસ્તુ! ધ્રુવ જ્ઞાયકધામની ધૂન લાગવી જોઈએ; એને માટે ઘેલો થઈ જવો જોઈએ; એની પાછળ સતત પ્રયત્ન કરવો જોઈએ. અહા! એકલા માખણના ટુકડા છે! સમજાણું કાંઈ?

**'મારું હિત કેમ થાય?' 'હું આત્માને કઈ રીતે જાણું?'—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.**

મારું હિત કઈ રીતે થાય? પરનું હિત તો આત્મા કરી શકતો નથી. પર તો જ્યાં હશે ત્યાં રહેશે, પરમાં તારી ચિંતા નિરર્થક જશે. શરીર, વાણી, કર્મ કે પર જે ક્ષેત્રે, જે સ્થિતિએ, જેમ છે તેમ રહેશે; તારી ચિંતાથી, જે જ્યાં છે ત્યાંથી ફેરફાર થશે એમ નથી. તેને કરવા-ફેરવવાની તારી ચિંતા વ્યર્થ જશે. મારું હિત શી રીતે થાય? હું આત્માને કઈ વિધિએ જાણું? એમ અંદરની તાલાવેલી વધારીને પ્રયત્ન કરે તો માર્ગ જરૂર મળે.

અહા! સમયસારની છઠ્ઠી ગાથામાં—એ શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?—આમ શિષ્યનો અંદરની ધગશથી પ્રશ્ન છે. શિષ્યે બીજી કોઈ વાત પૂછી નથી. છ દ્રવ્ય, તેના ગુણો ને પર્યાયો, દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે કાંઈ નહિ પણ શુદ્ધ આત્મા એ છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? આવી ધગશવાળા શિષ્યને શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવ ઉત્તર આપે છે. સાધારણ વેઠ તરીકે સાંભળવા આવે; કાંઈક ને કાંઈક સાંભળવું;—એની અહીં વાત નથી. શિષ્ય જિજ્ઞાસાથી સાંભળવા આવ્યો છે; નજીકમાં આવીને નમ્રતાથી પૂછે છે; તેને ઉત્તર દેવામાં આવ્યો છે.

સમયસારની એક-એક ગાથા ગજબની વાત છે બાપુ! એમાંથી આ માખણ પાછું બેનનું! અહીં એમ કહ્યું : મારું હિત કેમ થાય? એવો પ્રશ્ન છે ને ત્યાં છઠ્ઠી ગાથામાં એનો

ઉત્તર છે. અહા! એ તે શુદ્ધસ્વરૂપ છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? આવી, શુદ્ધના સ્વરૂપને સમજવાની જિજ્ઞાસા ને ધગશ થઈ છે, ગુરુ કહે છે કે, એના માટે અમારો ઉત્તર છે. વિકલ્પ ઊઠ્યો છે એને આ રીતે, અને અહીં વિકલ્પ પણ તે રીતે ઊઠ્યો છે. એને માટે ઉત્તર કહ્યો છે કે જ્ઞાયક છે તે શુદ્ધ છે. મારું હિત શું છે? શુદ્ધને સાધવું તે હિત છે; બાકી બધી વાતો છે.

વિશેષ કહેતાંય ન આવડે, દુનિયાને સમજાવતાંય ન આવડે, તેથી કાંઈ વસ્તુ વહી જતી નથી. ફક્ત મારો નાથ શુદ્ધ છે, તેનું શું સ્વરૂપ છે? બસ, તે અમારે જાણવું છે. અમારો પ્રભુ અંદર શુદ્ધ—જે આપ શુદ્ધ આત્માની વ્યાખ્યા કરો છો એ એકત્વવિભક્ત—કોણ છે પ્રભુ! કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અહીં કહે છે—મારું હિત કેમ થાય? હું આત્માને કઈ રીતે જાણું? અહા! થોડામાં બહુ ભર્યું છે.

લોકોની 'વચનામૃત' ઉપર પ્રવચનોની માગણી હતી, પણ થયું કે સૌના હાથમાં પુસ્તક હોય તો વધારે ઠીક પડે. હવે તો પુસ્તકો ઘણાં છપાઈ ગયા. ઓલી ચોપડી આવી છે ને?—અધ્યાત્મ-પીયૂષ. પાંચ હજાર છપાઈ છે. આ વચનામૃત-પુસ્તકમાંથી થોડુંક તારવીને છપાવી છે. નામ 'અધ્યાત્મ-પીયૂષ' રાખ્યું છે; અધ્યાત્મપીયૂષ એટલે અધ્યાત્મ અમૃત.

અહીં બસ, એક જ વાત છે : હું આત્માને—મારું સ્વરૂપ છે તેને—કઈ રીતે જાણું? શાસ્ત્રો આવડે કે ન આવડે, બોલતાં આવડે કે ન આવડે, સમજાવતાં આવડે કે ન આવડે—એનું મારે કાંઈ નહિ; ફક્ત હું આત્માને કઈ રીતે જાણું? સમજવામાં પણ એવું લક્ષ રહે કે કાંઈક પકડાય તો દુનિયા પાસે આપણે મૂકીએ, આપણી વાત ઠીક લાગે તો લોકો રાજી થાય,—એ હેતુ નહિ. એ વાત કહી છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં? અહીં તો કહે છે : હું આત્માને—મારો નાથ શુદ્ધ સ્વરૂપ છે તેને–કઈ રીતે જાણું? એની વિધિ શી છે?

સમયસારની ૭૩મી ગાથાના મથાળામાં શિષ્યનો પ્રશ્ન છે : આસ્રવથી નિવૃત્ત થવાની વિધિ શી છે? પુણ્ય-પાપના ભાવથી—આસ્રવોથી—લાભ થાય તે તો પ્રશ્ન છે જ નહિ, પણ એથી નિવર્તવાની વિધિ પૂછી છે. આસ્રવો કરવાથી લાભ થાય ને તે કરવાની વિધિ શી છે?—એ પ્રશ્ન તો એને ઊડી ગયો છે. અત્યારે તો મોટા વાંધા એમાં થઈ ગયા છે. એ આસ્રવોથી નિવર્તવાની વિધિ શી છે? એમ પૂછ્યું ત્યારે કહ્યું કે : સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા જેવો જોયો તેવો વિકલ્પથી નિર્ણય કર. પછી વિકલ્પને છોડી દે.

સર્વજ્ઞ ભગવાને આત્મા—જે અસંખ્યપ્રદેશી છે તે—જોયો એવો બીજા કોઈએ જોયો

નથી. આત્માના અસંખ્યપ્રદેશીપણાની વાત સર્વજ્ઞ ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે—ક્યાંય આવતી નથી. તેથી સર્વજ્ઞ ભગવાને જોયો છે એવો આત્મા પામવાની—આસ્રવથી નિવર્તવાની—વિધિ શી છે? તો કહ્યું : પહેલાં વિકલ્પથી નિર્ણય કર, બીજાઓ કહે છે એનાથી જુદું પાડવા માટે. આત્મા અસંખ્યપ્રદેશી દ્રવ્ય છે, તેના સર્વ પ્રદેશે અનંત ગુણો છે, એની અનંત પર્યાય છે—એવી વાત બીજે ક્યાંય નથી.

પોતાના હિતને માટે પ્રથમ વિકલ્પથી નિર્ણય કરવા માંડ્યો કે—હું એક છું, શુદ્ધ છું, મમત્વહીન છું અને જ્ઞાનદર્શનપૂર્ણ છું વગેરે. નિર્ણય થતાં વિકલ્પ તોડીને તે અંદર પેસશે. અહા! આ ઉપદેશની શૈલી બીજી જાતની છે! પાંચ ઈન્દ્રિયો વગેરે બધું બહારનું બંધ કરીને, અંતરથી નિર્ણય કરે છે કે—હું શુદ્ધ છું, અખંડ છું, અનાદિ-અનંત છું, કર્તા-કર્મ-કરણ વગેરે કારકોના ભેદથી રહિત ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ છું. ત્યાં અનુભૂતિ ત્રિકાળી છે, પર્યાયની વાત નથી. અહા! ગજબ કામ કર્યું છે ને! સંતોએ તો જગતને ન્યાલ કરી દીધું છે! આત્મા આમ હથેળીમાં બતાવ્યો છે : જો આ, જો આ; તારી નજર તો કર. તારી નજરું પરમાં છે તેને પલટાવ ભાઈ!

હું આત્માને કઈ રીતે જાણું? એમ અંદરથી લગની લગાડીને—ભલે છે તો વિકલ્પ—પ્રયત્ન કર. જરૂર માર્ગ હાથ આવશે.

પ્રશ્ન :—વિકલ્પથી સાધ્ય થાય?

ઉત્તર :—વિકલ્પ છે પણ છતાંય એમ કરીને છોડે છે અંદર. એ વિકલ્પ તૂટીને જરૂર હાથ આવશે. લગની લાગે કે 'આ, આ, આ'—એટલો ભેદ છે ને? લગની આત્મામાં લગાવું એટલો પણ હજી ભેદ-વિકલ્પ છે. એને છોડીને અંદર માર્ગ જરૂર હાથ આવે. તને જરૂર માર્ગ હાથ આવશે.

બીજો બોલ પૂરો થયો. *(ક્રમશઃ)* ✻

---

(અનુસંધાન પેજ નં. ૩થી ચાલુ)

સવળી વાણી છે. અલૌકિક ચૈતન્યને બતાવનારી અલૌકિકવાણી છે. 'આત્મા થઈને' જે આત્મા બોલે તેની વાણી સમ્યક્ જ નીકળે. 'જ્ઞાનસમય' થઈને 'શબ્દસમય' દ્વારા 'અર્થસમય'ને બતાવે તે યથાર્થ જ હોય. પંચાસ્તિકાયની ટીકામાં આવે છે કે જ્ઞાનસમયની પ્રસિદ્ધિ અર્થે, શબ્દસમયના સંબંધથી અર્થસમય બતાવવાનો કુંદકુંદાચાર્યનો અભિપ્રાય છે. આમાં ત્રણેય સમય આવી ગયા. *(ક્રમશઃ)* ✻

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા



મુમુક્ષુઃ—ગુરુદેવ બહુ યાદ આવે છે.

પૂજ્ય બહેનશ્રીઃ—ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ કેમ ભુલાય? કુદરત આગળ કોઈનો ઉપાય નથી. એવા મહાપુરુષ તો શાશ્વત રહે એવી ભાવના થાય; પણ કુદરત આગળ કોઈનો ઉપાય નથી. ગુરુદેવે જે ઉપદેશ આપ્યો છે તે અંતરમાં જમાવટ કરી આગળ જવું તે એક જ ઉપાય, અંતરમાં કરવાનો છે.

પદ્મનંદિ આચાર્ય કહે છે કે મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ મારા અંતરમાં કરી છે તે ઉપદેશની જમાવટ આગળ મને કાંઈ પ્રિય નથી, પૃથ્વીનું રાજ્ય પણ પ્રિય નથી. પૃથ્વીનું રાજ્ય તો શું! પણ ત્રણ લોકનું રાજ્ય મળે તોપણ તે મને પ્રિય નથી. મારા ગુરુએ જે ઉપદેશની જમાવટ કરી છે તેની મને એટલી ભક્તિ છે કે મારા હૃદયની અંદર બીજા કોઈની મને રુચિ નથી. આ જગતની અંદર શું અપૂર્વ છે? કાંઈ અપૂર્વ નથી. જીવને અનંતકાળમાં બધું મળી ચૂક્યું છે. તેને દેવલોકના પદ મળી ચૂક્યા છે. મોટી-મોટી પદવીઓ મળી ચૂકી છે પણ તેમાં જીવને ક્યાંય શાંતિ મળી નથી.

ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી છે અને બધા ભક્તોને તૈયાર કર્યા છે. તેની આગળ બધી બહારની ઋદ્ધિ તુચ્છ છે, બહારના બધા સંયોગો તુચ્છ છે.

જેમ પૂર્વભવનું વીસરાઈ ગયું છે તેમ આ ભવમાં જે બન્યું તે બધું વીસરી જવું. હવેથી નવું જીવન શરૂ કરવાનું છે. ગયો ભવ જેમ ગયો તેમ આ ભવમાં જે થયું તે વીસરી જવું. નવી જિંદગી જાણે કરવાની હોય એવો વિચાર કરવો.

મુમુક્ષુ :—પુરુષાર્થ કરવાની ભાવનામાં ક્યાંક કર્તૃત્વબુદ્ધિ થઈ જશે એવી બીક અંદર રહ્યા કરે છે એનું શું કરવું?

પૂજ્ય બહેનશ્રી :—કર્તૃત્વબુદ્ધિ તેમાં નથી આવતી. ભાવના સાથે કર્તૃત્વબુદ્ધિ નથી આવતી. જે યથાર્થ સ્વભાવને ઓળખનારો છે તેને કર્તૃત્વબુદ્ધિ કેવી રીતે થાય? પુરુષાર્થનું સાચું સ્વરૂપ જે ઓળખી લે છે તેને હું પરદ્રવ્યને કરું, વિકલ્પનો કર્તા થાઉં, એવી કર્તાબુદ્ધિ કેવી રીતે આવે? જ્ઞાયકપણું કેવી રીતે પ્રગટે, જ્ઞાયકનો પુરુષાર્થ કેવી રીતે થાય અને

કર્તાબુદ્ધિ કેવી રીતે થાય છે તેને અંદરથી ખરી લગની લાગી છે તે ઓળખી લે છે. જેનો પુરુષાર્થ સહજ થાય છે, તેને કર્તાબુદ્ધિનો ડર નથી લાગતો. પુરુષાર્થ કરતાં–કરતાં મારાથી ભૂલ થશે અને કર્તૃત્વબુદ્ધિ આવી જશે એવો અંદરની જિજ્ઞાસાવાળાને ડર હોતો નથી. મારી ભાવના જ્ઞાયકને પ્રગટ કરવાની છે, તેમાં કર્તાબુદ્ધિ ક્યાંથી આવી જાય? તેનું હૃદય નિઃસંશયપણે પુરુષાર્થ કરે છે, તેને કર્તૃત્વબુદ્ધિનો ડર લાગતો નથી. જેને અંદર ભાવના જાગે છે તેને કર્તાબુદ્ધિ આવતી નથી.

મુમુક્ષુ :—ક્રમબદ્ધ તો પર્યાય છે, તો પર્યાય ઉપરથી ગુરુદેવ કેવી રીતે દ્રવ્યદૃષ્ટિ ઉપર લઈ જવા માગે છે?

પૂજ્ય બહેનશ્રી :—દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર અને જે પર્યાય છે તેની કર્તાબુદ્ધિ છોડી દે. તારી પરદ્રવ્ય સાથે જે કર્તાબુદ્ધિ છે તેને છોડ—એમ ગુરુદેવનું કહેવું છે. તેની જે પર્યાયો પરિણમવાની છે, તે પરિણમે છે તેથી તું તેની પણ કર્તાબુદ્ધિ છોડ. પરદ્રવ્યને હું કરી શકું છું—એમ તું પોતે બીજાનો સ્વામી થઈને તેનું કરવા માંગે છે એવી સ્વામિત્વબુદ્ધિ–કર્તાબુદ્ધિ તોડીને તું તારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. જે તારું દ્રવ્ય છે તેના ઉપર દૃષ્ટિ કર. જે પર્યાયો પરિણમે છે તેનો તું કર્તા નથી એમ કહેવા માંગે છે. ક્રમબદ્ધ કર્તાબુદ્ધિ છોડાવે છે પણ ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક હોય છે. ક્રમબદ્ધનો પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. જે પર્યાય પરિણમવાની હોય તે પરિણમે છે પણ સ્વ તરફ પોતે પુરુષાર્થ કરે છે–સ્વભાવ તરફનો પુરુષાર્થ કરે છે–તે પુરુષાર્થની સાથે ક્રમબદ્ધ જોડાયેલું છે. સ્વભાવની પ્રાપ્તિ થાય તેમાં પુરુષાર્થ સાથે જોડાયેલો હોય છે. પુરુષાર્થ વગરનું એકલું ક્રમબદ્ધ હોતું નથી. તું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર, કર્તાબુદ્ધિ છોડ, તું જ્ઞાતા થઈ જા. પછી જે પર્યાય જેમ પરિણમવાની હોય તેમ પરિણમે; પણ તેમાં દ્રવ્યદૃષ્ટિ કરવાનો પુરુષાર્થ ભેગો આવે છે. દ્રવ્યદૃષ્ટિ તો તારે જ કરવાની છે. જેમ બનવાનું હશે તેમ બનશે એમ કરવાથી તેની મેળાએ દ્રવ્યદૃષ્ટિ થઈ જતી નથી. પુરુષાર્થ કરે તો દ્રવ્યદૃષ્ટિ થાય છે એટલે ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે. પર્યાય ક્રમબદ્ધ છે પણ દ્રવ્યદૃષ્ટિ કરી કર્તાબુદ્ધિ છોડાવી છે—એમ ગુરુદેવનું કહેવું છે. ક્રમબદ્ધ એવી જાતનું નથી કે તેને પુરુષાર્થ સાથે કાંઈ સંબંધ જ નથી. ભગવાને જેમ જોયું હોય તેમ થાય પણ ભગવાને જે દ્રવ્યદૃષ્ટિ થઈ તે પ્રયત્ન વગર થઈ જશે તેમ જોયું નથી. જે આત્માર્થી હોય તેનું લક્ષ પુરુષાર્થ પર હોય છે. તું પરનું કાંઈ કરી શકતો નથી, તેથી તું પર પદાર્થ તરફની તારી કર્તાબુદ્ધિ છોડી દે. તારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને તારી પરિણતિની ગતિ ફેરવવી તે તારા પુરુષાર્થની વાત છે, તે કાંઈ પુરુષાર્થ વગર થતું નથી. ગુરુદેવે તો અનેક પ્રકારે સમજાવ્યું ને તેના આશયમાં પુરુષાર્થ તો મુખ્ય છે તેમ કહેતા હતા. ગુરુદેવે જ બધું સમજાવ્યું છે. ✻

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

✻ શ્રોતા :—આત્માનો જ્ઞાન સ્વભાવ છે તો રાગ કેમ થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતાના સ્વભાવને ભૂલીને પરને પોતાનું માને છે તેથી પરમાં રાગ કરે છે. નિમિત્તાધીન બુદ્ધિ હોવાથી, રાગાદિમાં એકતાબુદ્ધિ હોવાથી, પર્યાયબુદ્ધિ હોવાથી રાગ થાય છે. આત્માના દ્રવ્ય-ગુણમાં રાગ કરવાની શક્તિ નથી પણ પર્યાયમાં વિકાર થવાની યોગ્યતાથી થાય છે.

✻ શ્રોતા :—આત્મામાં નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ બંને એકસાથે છે. તેમાંથી અનિત્યસ્વભાવનો અર્થ શું છે? શું વિકારીભાવ પણ આત્માનો અનિત્ય સ્વભાવ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા કાયમ રહીને પલટતો રહે છે. આત્માની વિકારી દશા સંસાર અને નિર્મળદશા મોક્ષ છે. શરીર તો સંયોગી છે. તે તારો સ્વભાવ નથી અને ક્ષણિક વિકાર પણ તારો સ્વભાવ નથી. ત્રિકાળી સ્વભાવનું વેદન હો તે તારો સ્વભાવ છે. આત્મામાં અનિત્યસ્વભાવ તો કાયમ રહે છે, પરંતુ વિકારી પર્યાય સદા નથી રહેતી, તેથી તે ખરેખર આત્માનો અનિત્યસ્વભાવ નથી. સમયે સમયે જે જાણવાની પર્યાય થયા કરે છે તે આત્માનો અનિત્ય સ્વભાવ છે, નવી-નવી જ્ઞાનની પર્યાય સદા થતી જ રહે છે; તે જ આત્માનો અનિત્ય સ્વભાવ છે.

✻ શ્રોતા :—ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા—એવું માનવામાં શું આપત્તિ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા'—તો કહે છે કે ના; આત્મા તો સર્વજ્ઞસ્વભાવી છે. 'ઇન્દ્રિયો વડે જાણે તે આત્મા' એમ માનતાં તેના સર્વજ્ઞસ્વભાવનો અપવાદ થાય છે, તેમ જ તેમાં સર્વજ્ઞનો પણ અપવાદ થાય છે, સર્વજ્ઞનું જ્ઞાન અતીન્દ્રિય છે, તેને ઇન્દ્રિયનું અવલંબન જરા પણ નથી. આવા અતીન્દ્રિય સ્વરૂપે આત્માને લક્ષમાં લેવો તે જ સર્વજ્ઞની ખરી સ્તુતિ છે. અતીન્દ્રિય આત્માને ઇન્દ્રિય વડે જાણનાર માનવો તેમાં સર્વજ્ઞની સ્તુતિ નથી પણ સર્વજ્ઞનો અપવાદ છે.

## બાળ વિભાગ

પુષ્પદંત–કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

ચંદ્રમતિ નામની મારી માતાનો જીવ તે જ ઉજ્જૈની નગરીમાં વિષરસ કૂતરાની યોનિમાં ઉત્પન્ન થયો.

રાજન્! મારી માતા ચંદ્રમતિ કે જે વિષ્ણુના ચરણોની ભક્ત, બ્રાહ્મણોના ભોજન બાદ બચેલા માંસનું ભોજન કરવાવાળી, બ્રાહ્મણોને સંતુષ્ટ કરવાવાળી, નિરંતર ચંડીકાદેવીને પૂજવાવાળી, દેવીને માટે અનેક પશુઓને મારવાવાળી, ગંગાનદીના પાણીને પવિત્ર માનવાવાળી, બકરા–હરણ–પાડા આદિથી કુળદેવી અને મૃત પિતૃજનોને તૃપ્ત કરવાવાળી અને જૈન મતાનુયાયી જીવમાત્રના રક્ષક નગ્ન દિગંબર મુનિઓની હંમેશા નિંદા કરવાવાળી હતી. તે પોતાના અશુભ કર્મોની પ્રેરણાથી કૂતરાની યોનિમાં ઉત્પન્ન થઈ.

તે સ્વાન મહાબળવાન પવન સમાન વેગનો ધારક, ચંચળ અને કુટિલ વજ્ર સમાન કર્કશ નખવાળો, જે હાથના પ્રહાર વડે હરણોના સમૂહનો વિદારક હતો તે મહાવિકરાળ અને પાપ ક્રિયામાં રત સ્વાન મહારાજ યશોમતિને ભેટમાં આવ્યો અને તે દિવસે જ મને–મયુરને પણ કોટવાલે લઈ જઈને મહારાજને આપ્યો.

રાજન્! એ બંનેને જોઈને મહારાજ યશોમતિ અતિ હર્ષિત થયો અને મને ઘરની શોભા બનાવ્યો અર્થાત્ મહેલમાં રાખવાનો આદેશ આપ્યો. તે સમયે મારા પુત્ર યશોમતિએ પ્રેમપૂર્વક મારા સમસ્ત અંગો પર હાથ ફેરવ્યો અને અત્યન્ત પ્રશંસા કરતો પોતાના હૃદયમાં આ પ્રકારે વિચારવા લાગ્યો :

નિપુણ વિધાતાએ આ કેવો મનોરંજક મયૂર બનાવ્યો છે! જેવો મનોજ્ઞ મયૂર છે તેવો જ મનોરંજક શ્વાન પણ છે. એ તો સિંહ સમાન બળવાન પોતાના વેગથી હરણોના સમૂહનો ઘાતક છે તથા મને તો એવું લાગે છે કે આ શ્વાનની સામે તો વિષ્ણુ મહારાજનો સૂકર પણ ન બચી શકે!

રાજન્! આ પ્રકારે વિચારતો તરત જ કૂતરાને શ્વાનપાલકોને હસ્તગત કર્યો. તેઓએ તેને યમરાજ તુલ્ય જાણી સુવર્ણની સાંકળથી બાંધ્યો. મને મહેલની વચ્ચે છોડી દીધો જેથી

હું આકાશમાં ઉડતો મહેલના શિખર પર ક્રીડા કરવા લાગ્યો. તે સમયે આકાશમાં ગર્જના કરતાં અને ગ્રીષ્મરૂપ રાજાને ભગાડવા માટે ઈન્દ્રધનુષનું ધનુષ ધારણ કરતાં વાદળો જોયા.

તે સમયે વર્ષાકાળનું આડંબર જોઈને હું રોમાંચિત થઈ નૃત્ય કરવા લાગ્યો. પછી જન્માંતરનું જાતિસ્મરણ થવાથી અશ્રુપાત કરતાં રુદન કરવા લાગ્યો. તે જ સમયે જમીન પર બેઠો કૂબડો અને તેના પ્રતિ આસક્ત અમૃતારાણીને જોયા. તત્કાલ પૂર્વના વેરથી ઈર્ષાના આવેશમાં હું તેમની ઉપર પડ્યો. પુંછ અને નખથી તથા ચાંચ દ્વારા ઘાત કરવા લાગ્યો.

તે સમયે રુધિરની ધારાથી વ્યાપ્ત અતિ વિહ્વળ થઈને બંને જણા હાથ ઊંચા કરી હાહાકાર કરતાં પૃથ્વી પર પડ્યા. પછી અમૃતાદેવીએ તરત જ ઊઠીને મણિની માળાથી મારો પગ તોડી નાખ્યો તેથી હું વિચારવા લાગ્યો :

જે સમયે હું સામર્થ્યવાન અદ્વિતિય રાજા હતો તે સમયે તો આમનો ઘાત ન કર્યો પણ આ સમયે આ કૂબડા પર પ્રહાર કર્યો તેથી સંક્લેશનું કારણ થયો.

રાજન્! આમ વિચાર કરતો હું, જોકે મારો પગ તૂટી ગયો હતો તોપણ ત્યાંથી જેમ તેમ કરીને ભાગ્યો પરંતુ અમૃતાના બૂમો પાડવાથી અનેક દાસી મારી પાછળ દોડી અને જેના હાથમાં જે આવ્યું તે લઈને મને મારવા લાગી. અનેક દાસીઓ વિવિધ પ્રકારથી મને મારવા લાગી છતાં પણ હું ભાગતો જ ગયો.

પરંતુ દૈવે ફરી પ્રાણ બચવા ન દીધા. માતાના જીવ કૂતરાએ અચાનક આવીને એવી રીતે મારું ગળુ પકડ્યું કે જેથી મારા પ્રાણ ન રહ્યા.

જે માતા મારા અશોભનમાં વિહ્વળ થઈ જતી હતી તે જ માતાના જીવ કૂતરાએ દાંતથી મને એવો પકડ્યો કે મારા પુત્રએ—મહારાજ યશોમતિએ—મને છોડાવવા ઘણી મહેનત કરી પણ તે દુષ્ટ કૂતરાએ ન છોડ્યો ત્યારે યશોમતિએ ક્રોધિત થઈને કૂતરાના માથા પર એવો દંડ પ્રહાર કર્યો કે તત્કાળ માથાના બે ભાગ થઈ ગયા અને કૂતરાના પ્રાણ નીકળી ગયા.

નૃપવર! જુઓ, કર્મોનો વિકાર કેવો વિચિત્ર છે? કે—માતાના જીવ કૂતરાએ પુત્રના જીવ મયૂરને માર્યો તથા પૌત્રએ દાદીના જીવ કૂતરાને માર્યા પછી વિલાપ કર્યો !

*(ક્રમશઃ)*

માતુશ્રી મંગળાબેન પ્રભુદાસ કામદાર પરિવાર,
હસ્તે ઉષાબેન હર્ષદભાઈ કામદાર-સુરત દ્વારા
*અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ*

# મંગળકારી ૧૨૪મો શ્રી કહાનગુરુ–જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૪મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૭-૫-૨૦૧૩ થી તા. ૧૧-૫-૨૦૧૩ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદાર પરિવારનાં સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિ ઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત પરિવાર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૪મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી લગભગ ૨૫૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો હતો.

## પરમાગમ મંદિરમાં શ્રી તીન ચૌવીસી પૂજન વિધાનનું આયોજન

આયોજક દ્વારા પરમાગમમંદિરમાં અત્યંત ભવ્ય મંડલ તૈયાર કરવામાં આવ્યું હતું. સર્વે મુમુક્ષુજનોએ આ પૂજન વિધાનનો અત્યંત ભક્તિ-ઉલ્લાસથી લાભ લીધો હતો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય

સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી તીન ચૌવીસી પૂજન વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર કળશ પર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે વિવિધ સાંજી તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.– આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી. ઉત્સવ દરમ્યાન સાંજે પરમાગમમંદિરમાં આયોજક પરિવાર દ્વારા ભવ્ય અને ભક્તિસભર સાંજી ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ વખતે પરમાગમમંદિરમાં સુંદર ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧૦-૫-૨૦૧૩ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી સ્વયં પ્રશમ જૈન હ. અંજનભાઈ તથા ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી સહજ વિરલ વાધર હ. અંજનભાઈને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી હ. દીપકભાઈને સંપ્રાપ્ત થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઈતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના ચારે દિવસ આયોજક દ્વારા તૈયાર કરવામાં આવેલ ક્વીઝ, નાટિકાઓ (૧) મહાબલ રાજાનું હૃદય પરિવર્તન, (૨) ભગવાન મલ્લિનાથનો વૈરાગ્ય, વિવિધ નૃત્યો, બાળસંવાદો સહિત રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર મુમુક્ષુસમાજ અત્યંત ભાવવિભોર થઈ ગયો હતો.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમ મંદિરમાં શ્રી તીન ચૌવીસી પૂજન વિધાનનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા

ગુરુભક્તિનાં વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. વધાઈ વેળાએ આયોજકો દ્વારા સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. શ્રી સીમંધર ભગવાનના સમવસરણનું ચિત્ર તથા વિદેહમાંથી ઉમરાળામાં પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મનું ચિત્ર દર્શાવવામાં આવ્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદાર પરિવારને પ્રાપ્ત થયો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન, ગુરુવાણી તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

આ ઉત્સવ દરમ્યાન ''શ્રી મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ''નું ઉદ્દ્ઘાટન ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું, જેના સૌજન્યનો લાભ માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવને પ્રાપ્ત થયો હતો.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરનાં શાસ્ત્ર પ્રવચન શ્રી વિરાટભાઈ વોરા(અમદાવાદ), શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ)એ ગુરુભક્તિપૂર્ણ કર્યાં હતાં. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ)એ અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. તથા બાળકોમાં સોનલબેન મોદીએ શિક્ષણ આપ્યું હતું.

સ્થાયી મંડલ વિધાન પૂજા : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૬૮ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા એક મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદાર પરિવાર તરફથી તથા સ્થાયી જમણ ૧૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૫,૬૬,૫૭૩=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૨૪ના અંકમાં ૧૨૪ × ૮૨૮ | ૧,૦૨,૬૭૨=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૦ × ૧ | ૧,૦૦૦=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૯૯,૦૦૦=૦૦ |
| ૪. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૪૦૯ | ૨,૦૪,૫૦૦=૦૦ |
| ૫. | જિનેન્દ્ર-આરતીમાં | ૧૦,૩૯૩=૦૦ |
| ૬. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૪૯,૦૦૮=૦૦ |
| | કુલ રૂા. | ૫,૬૬,૫૭૩=૦૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ મહોત્સવના આયોજક શ્રીમતી ઉષાબેન હર્ષદભાઈ કામદાર તરફથી આપવામાં આવ્યો હતો.

✻ ✻ ✻

## શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતનનો મંગળ શિલાન્યાસ મહોત્સવ

અધ્યાત્મ અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પ્રભાવના ઉદયે નૂતન નિર્માણાધીન શ્રી જમ્બૂદ્વીપ—બાહુબલી જિનાયતનનો ભવ્ય શિલાન્યાસ મહોત્સવ તા. ૧૩-૫-૨૦૧૩, સોમવાર અક્ષયતૃતીયાના મંગળ દિવસે હજારો મુમુક્ષુઓની હાજરીમાં ભવ્યાતિભવ્ય રીતે યોજાઈ ગયો.

આ સંદર્ભમાં તા. ૧૨-૫-૨૦૧૩ના રોજ સવારના પરમાગમમંદિરમાં 'શ્રી નવદેવતા પૂજન વિધાન'નું આયોજન કરવામાં આવ્યું હતું, તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રસંગ અનુરૂપ તૈયાર કરાયેલી નાટિકા 'શ્રી બાહુબલી મુનિવર જિનબિંબ નિર્માણ' રજૂ કરવામાં આવી હતી.

શિલાન્યાસના દિવસે સવારે પરમાગમમંદિરમાં અક્ષયતૃતીયા, જમ્બૂદ્વીપ તથા બાહુબલી મુનિરાજના પૂજન તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ જમ્બૂદ્વીપ તથા બાહુબલી બંને જગ્યાએ એકસાથે જ શિલાન્યાસનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જમ્બૂદ્વીપ જિનાયતમાં શિલાન્યાસનો લાભ શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ દેવચંદભાઈ શાહ પરિવાર, નાયરોબી તથા માતુશ્રી કસ્તુરીબેન પોપટલાલ શાહ હસ્તે બ્ર. નિર્મળાબેન અને લતાબેન તથા નવીનભાઈ શાહ પરિવાર, તથા મધુરભાઈ મહેતા હ. પ્રવીણાબેનને પ્રાપ્ત થયો હતો. તથા શ્રી બાહુબલી જિનાયતનના શિલાન્યાસનો લાભ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર હસ્તે પ્રવીણાબેન, અશ્વિનભાઈ, ભરતભાઈ તથા શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હસ્તે નેમિષભાઈ અને કેતનભાઈ-મુંબઈને પ્રાપ્ત થયો હતો. શિલાન્યાસ બાદ હજારો મુમુક્ષુઓએ રત્નજડિત, સુવર્ણ, રજત તથા તામ્ર શિલાઓ દ્વારા ઘણા જ ઉત્સાહથી શિલાન્યાસનો લાભ પ્રાપ્ત કર્યો હતો. શિલાન્યાસની મંગલવિધિ બ્ર. વજુભાઈ શાહ-વઢવાણ, રમેશભાઈ મહેતા-સોનગઢ, સુભાષભાઈ શેઠ-વાંકાનેર, પ્રકાશભાઈ શેઠ-મલાડ, પ્રમોદભાઈ-ખંડવા તથા શૈલેષભાઈ ગાંધી-રાજકોટ દ્વારા શુદ્ધામ્નાયપૂર્વક કરાવવામાં આવી હતી.

---

## જમ્બૂદ્વીપ જિનાયતમાં પ્રતિષ્ઠેય જિનેન્દ્ર ભગવંતોનું સ્વાગત

શ્રી સુવર્ણપુરીમાં નૂતન નિર્માણાધીન જંબૂદ્વીપ જિનાયતનમાં પ્રતિષ્ઠેયા ૨૬ જિનેન્દ્ર ભગવંતોનું મંગલ આગમન થતાં તા. ૧૧-૫-૨૦૧૩ના રોજ સાંજે ૪-૩૦ વાગે સર્વે મુમુક્ષુભાઈ-બહેનો દ્વારા ભગવંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો ભગવંતોના આગમનથી ઉત્સાહથી થનગની ઊઠ્યા હતા તથા હજારો મુમુક્ષુભાઈ-બહેનો ભગવંતોને ભક્તિથી વધાવતા હતા. વાજતે-ગાજતે પ્રતિષ્ઠેય ભગવંતોને શિલાન્યાસ સ્થળે લાવવામાં આવ્યા હતા તથા ત્યાં બિરાજમાન કરી તા. ૧૨-૫-૧૩ના સાંજે ૬-૪૫ કલાકે ભવ્ય સાંજી ભક્તિનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો જેમાં આબાળ-વૃદ્ધ સર્વે ભાઈ-બહેનો ભક્તિથી નાચી ઉઠ્યા હતા. ભવ્ય ભક્તિસભર દૃશ્ય જોવા મળ્યું હતું.

---

### સુવર્ણપુરી સમાચાર :—

✻ **શ્રુતપંચમી પર્વ :**–જેઠ સુદ ૫ તા. ૧૩-૬-૨૦૧૩ને ગુરુવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

✻ **આર્દ્રા નક્ષત્ર :**–તા. ૨૨-૬-૨૦૧૩, શનિવારના રોજ વહેલી સવારે ૪-૩૫ વાગ્યે પ્રારંભ થાય છે.

## વૈરાગ્ય સમાચાર :–

ચોટીલાનિવાસી(હાલ-દાદર) ધીરજબેન મહાસુખલાલ ખંધાર (વર્ષ-૯૦) તા. ૧૬-૧-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધ્રાંગધ્રાનિવાસી ચંદનબેન અમૃતલાલ માથુકિયા (વર્ષ-૮૫) તા. ૬-૩-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાદરનિવાસી (હાલ—અમેરિકા) શ્રી ધનપાળભાઈ સારાભાઈ શાહ (વર્ષ-૮૨) તા. ૨૨-૩-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૬૦ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. છેલ્લે નાદુરસ્ત તબિયતમાં પણ તેઓ ૩-૪ કલાક પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના શ્રવણનો લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ-મલાડ) શ્રી પ્રાણલાલ હરિચંદ બોટાદરા (વર્ષ-૮૪) તા. ૨૫-૩-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી શ્રી લક્ષ્મીચંદ છોટાલાલ સોલાણી (વર્ષ-૮૯) તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ ધરમશીભાઈ મણિયાર (વર્ષ-૭૭) તા. ૨૩-૪-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ-સાયન-મુંબઈ) સ્વ. વ્રજલાલ નાગરદાસ મોદીના ધર્મપત્ની શ્રી લીલાવતીબેન (—સોનગઢનિવાસી સ્વ. દૂધીબેનના ભત્રીજાની ધર્મપત્ની) (વર્ષ-૯૦) તા. ૨૯-૪-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યારથી સોનગઢમાં સ્થાયી નિવાસ કર્યો ત્યારથી તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની સેવાનો ઘણો લાભ લીધો હતો.

અમદાવાદનિવાસી શ્રીમતી શારદાબેન રતીલાલ શાહ (સોનગઢનિવાસી સ્વ. હીરાભાઈ દહેગામવાળાના મોટાબેન) (વર્ષ-૯૧) તા. ૨-૫-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને તત્ત્વનો લાભ લેતા હતાં.

ખંડવાનિવાસી શ્રી વિશાલ પ્રકાશચંદ્ર પંચરત્ન (—તે બ્ર. શ્રી આશાબેનના ભત્રીજા) (વર્ષ-૬૧) તથા તેમના ધર્મપત્ની શ્રેષ્ઠા વિશાલ પંચરત્ન (વર્ષ-૫૫) તા. ૧૪-૫-૨૦૧૩ના રોજ સોનગઢથી ખંડવા જતાં સોનગઢથી ૪૦ કિ.મી. દૂર ટ્રક દ્વારા અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢના ઈતિહાસમાં પહેલીવાર આવું હૃદયદ્રાવક અકસ્માત-મરણ થયું હતું. તેઓ ખંડવાથી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી જન્મજયંતી તેમજ જંબૂદ્વીપ-બાહુબલી જિનાયતન શિલાન્યાસ મહોત્સવ ઉજવવા આવેલા, ઉત્સાહ અને ઉમંગથી બધો લાભ લઈને તા. ૧૪-૫-૧૩ના રોજ સવારે માંગલિક સાંભળીને દીકરી-દીકરા સાથે રવાના થયા અને ૪૦ મિનિટમાં ગોઝારો અકસ્માત સર્જાતા વિશાલભાઈનું અકસ્માત સ્થળે જોઈ ન શકાય તેવી હાલતમાં મરણ નીપજ્યું. (તેમના મૃતદેહને ગાડીમાંથી બહાર કાઢતા ચાર કલાક લાગ્યા હતા.) તેમજ તેમની પત્ની પણ ગંભીર ઈજા પામ્યા છતાં દેવ-ગુરુનું રટણ કરતાં રહ્યા ને હોસ્પિટલમાં સ્વર્ગવાસ પામ્યા. સોનગઢમાં એકીસાથે એક જ ઘરેથી બે-બે મૃતદેહની સ્મશાનયાત્રા નીકળવાનો હૃદયદ્રાવક પ્રસંગ જોતા મુમુક્ષુસમાજ કંપી ઉઠ્યો હતો ને પૂજ્ય ગુરુદેવશ્રીના ભવનાશક ઉપદેશને આત્મસાત કરવાની ભાવના ભાવતા રહ્યા. જુઓ, કુદરત શું કામ કરે છે? સોનગઢથી નીકળતાં ૨૪ વર્ષનો દીકરો ગાડી ચલાવતો હતો ને માતા બાજુની સીટમાં બેઠા હતા ને ૨૦ મિનિટ પછી પિતાએ ગાડી ચલાવવા લીધી, દીકરો તેની બાજુની સીટમાં બેઠો ને માતા ડ્રાઈવર સીટની બરાબર પાછળ સીટમાં બેઠા! કેમકે માતા-પિતાને અકસ્માતનો ભોગ બનનાનું હતું ને! ઘણો જ વૈરાગ્યજનક પ્રસંગ બની ગયો.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) જે મોહ-રાગ-દ્વેષરૂપી પાપને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરે તેને.................... કહે છે.

(૨) ધ્રુવ-અચલ ને અનુપમ............................................. સિદ્ધને,
........................................................... સમય પ્રાભૃત અહો.

(૩) સાતસો મુનિરાજના સંઘનાયક...................... હતા.

(૪) આયુકર્મના અભાવમાં............................. ગુણ આત્મામાં ઉત્પન્ન થાય છે.

(૫) અભયકુમાર આ રાજા........................... ના પુત્ર હતા.

(૬) જેનો બીજો ભાગ ન થઈ શકે તેને.................................. કહે છે.

(૭) જે વસ્તુને વારંવાર ભોગવવામાં આવે તેને...................... કહે છે.

(૮) આગામી ચોવીસીના પ્રથમ તીર્થંકર ........................ ભગવાન થશે.

(૯) ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકારનાં ધર્મ.................. પર્વના હોય છે.

(૧૦) આદિનાથ ભગવાનનાં શાસનકાળમાં.......................... ના જીવે ૩૬૩ પાખંડ મત ચલાવ્યા હતા.

(૧૧) જૈન ધર્મના ચારે ફિરકામાં.................. સ્તોત્ર શ્રદ્ધા અને ભક્તિથી ગવાય છે.

(૧૨) જેની પાસે અપાર વૈભવ હોય તેને રાજા કહેવાય છે. જેના પાસે તિલ-તુષ માત્ર પરિગ્રહ ન હોય તેને.................. કહેવાય છે.

(૧૩) જે ત્રણ કાળ અને ત્રણ લોકને એકસાથે જાણે તેને................... કહેવાય છે.

(૧૪) સંસારમાં રખડવા માટે................. છે ................ ગતિ પ્રાપ્ત કર્યા પછી ફરી જન્મ-મરણ રહેતા નથી.

(૧૫) મૂળ શરીર છોડ્યા વગર આત્માના પ્રદેશોમાંથી નિકળે તેને ................ શરીર કહેવાય છે.

(૧૬) તું સ્થાપ નિજને મોક્ષપંથે...............................................
.................................. ન વિહર અન્ય દ્રવ્યો વિષે.

(૧૭) રાજા શ્રેણિકે............... મુનિનાં ગળામાં મરેલ સર્પ નાખેલ હતો.

(૧૮) ભક્તામર સ્તોત્ર ............... આચાર્યે લખેલ છે.

(૧૯) ............... ભગવાનનાં પાંચે કલ્યાણ.................. માં થયા હતાં.

(૨૦) નવકાર મંત્ર મૂળ.............. ભાષામાં છે.

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીનો જન્મ................. માં થયો હતો.

(૨) પંચ પરમેષ્ઠીનાં નામ, અરિહંત................, આચાર્ય, ................. અને સાધુ છે.

(૩) ત્રણ પાંડવ ................. પર્વતથી મોક્ષ ગયા છે.

(૪) ભરતક્ષેત્રમાં ............... તીર્થંકર થાય છે.

(૫) મહાવીર ભગવાનનું ચિહ્ન ............ છે.

(૬) પંચ પરમેષ્ઠીમાં ............... તથા ................ દેવ છે અને .............., ................ તથા ................ ગુરુ છે.

(૭) અતિ પુણ્ય કરવાથી જીવ ............... ગતિમાં જાય છે તથા અતિ પાપ કરવાથી જીવ ...............માં જાય છે.

(૮) દ્રવ્ય................. છે તથા તત્ત્વ............. છે.

(૯) ભક્તામર સ્તોત્ર ................. ભગવાનની સ્તુતિ છે.

(૧૦) જીવમાં મુખ્ય ગુણ............ છે.

(૧૧) ................. ગતિમાંથી જ સિદ્ધ થવાય છે.

(૧૨) સોનગઢમાં સ્વાધ્યાયમંદિરમાં સમયસારની સ્થાપના ....................... .......................... હસ્તક થઈ હતી.

(૧૩) ....................... અનુયોગ છે.

(૧૪) મંદિરમાં પ્રવેશ કરતી વખતે...................................... ત્રણ વખત બોલવું જોઈએ.

(૧૫) ભરત ચક્રવર્તી તથા બાહુબલી ..................... ભગવાનના પુત્ર હતાં.

(૧૬) સૌથી મોટું પાપ ................................ છે.

(૧૭) પૂજ્ય ગુરુદેવશ્રીએ કુંદકુંદાચાર્યદેવને ...........................ક્ષેત્રમાં જોયા હતા.

(૧૮) ધર્મની શોભા વિશેષણ પૂજ્ય ગુરુદેવશ્રીએ........................ને આપ્યું હતું.

(૧૯) પર્યુષણ પર્વના............ દિવસો હોય છે.

(૨૦) અષ્ટાપદ (કૈલાસ) પર્વતથી .................................. ભગવાન મોક્ષ ગયા છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ ભગવાન કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્ય ભગવાન કહે છે કે 'આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું. એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારોવાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આવ્યે પરમાત્મદશા—સિદ્ધદશા—પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે. ૧.

✻ પરમપારિણામિક ભાવ છું.
કારણપરમાત્મા છું.
કારણજીવ છું.
શુદ્ધઉપયોગોહં.
નિર્વિકલ્પોહં. ૨.

✻ ચૈતન્યસ્વભાવનું અજ્ઞાન તે રાગ-દ્વેષનું કર્તૃત્વ મનાવે છે. રાગ-દ્વેષનું કર્તૃત્વ થતાં અકર્તા એવો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગ-દ્વેષનું કર્તૃત્વ એવું અજ્ઞાન એ જ સંસારનું બીજ છે. ૩.

✻ આત્માને અપરિચિત ચોથા ગુણસ્થાનમાં પણ પ્રથમ સ્વસંવેદન પ્રત્યક્ષનું થવું તે અનિવાર્ય છે, કેમ કે તેમાં રાગાદિની અપેક્ષા રહેતી નથી. તેથી તેને વીતરાગ અનુભૂતિ કહેવાય છે. ૪

આત્મધર્મ
જૂન-૨૦૧૩
અંક-૧૦ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## જ્ઞાનનો સ્વત:સિદ્ધ સ્વભાવ છે.

જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે તોપણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ—પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે, તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી. વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થના લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દર્પણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્માની જ છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વત:સિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org